Seat No. : ______________

# AH-107

**April-2024**

**B.Ed., Sem.-II**

**B-111 : Accountancy**

**Time : 2½ Hours]** **[Max. Marks : 70**

1. Answer the following questions in detail : **14**

(1) Explain the concept of project method, discuss its steps in detail.

(2) What are maxims of teaching ? Explain the importance of maxims of teaching.

**OR**

(1) Explain the difference between unit planning and lesson plan.

(2) Explain the meaning of analytical method, discuss its advantages and limitations.

2. Answer the following questions in detail : **14**

(1) Explain the difference between measurement and evaluation.

(2) State the characteristics of an ideal question paper.

**OR**

(1) Explain the meaning of practical test and written test, discuss their advantages.

(2) State the characteristics of a good questionnaire and state the importance and limitations of questionnaires.

3. Answer the following questions in detail : **14**

(1) Explain the meaning of syllabus, explain the difference between curriculum and syllabus.

(2) Clarify the concept of internship, explain the importance of internship.

**OR**

(1) Give meaning of illustration (Example) technique and questioning technique. State its benefits and limitations and state the role of a teacher while using it.

(2) Define curriculum, explain the steps of curriculum design.

@geniusguruji

4. Answer the following questions in detail : **14**

(1) Vanita and Priya are partner in a firm sharing profit and loss in the ratio of 2:1. Their balance sheet as on 31-03-2017 was as under.

**Balance Sheet**

| Liabilities | | Amt. (₹) | Assets | | Amt. (₹) |
|---|---|---|---|---|---|
| Capital account : | | | Goodwill | | 18,000 |
| Vanita | 80,000 | | Land-building | | 72,000 |
| Priya | 60,000 | 1,40,000 | Machinery | | 40,000 |
| General reserve | | 18,000 | Stock | | 36,000 |
| Workmen compensation reserve | | 4,500 | Debtors | 24,000 | |
| Investment fluctuation reserve | | 1,500 | – Bad debt reserve | 2,000 | 22,000 |
| Creditors | | 28,000 | Investment | | 8,000 |
| Bills payable | | 12,000 | Cash-Bank | | 2,000 |
| | | | Advertisement campaign expenditure | | 6,000 |
| | | **2,04,000** | | | **2,04,000** |

They admitted Ravina as a new partner from 1-4-2017 on the following conditions :

(a) Ravina will bring ₹ 1,00,000 as her capital and ₹ 24,000 as goodwill in cash.

(b) Value of land and building is to be increased by ₹ 17,000.

(c) Value of machinery is to be decreased upto ₹ 32,000.

(d) Provision for bad debt is to be kept at 10 % on debtors.

(e) Provision for outstanding electricity bill is to be made at ₹ 1,100.

(f) New profit sharing ratio of all three partners is to be kept at 2:1:2.

From the above information, prepare revaluation account, partner's capital account, cash-bank account and balance sheet after admission.



@geniusguruji

(2) Kamlesh drew a bill of ₹ 24,500 on 14-10-2022 for 2 months on Rajan. Rajan accepted and return the bill. On 10-12-2022, Kamlesh sent this bill to the bank for collection. The bill was paid by Rajan on the maturity date. The bank debited ₹ 245 to Kamlesh's account as commission. Pass necessary journal entries in the books of both the parties.

**OR**

(1) State the meaning of financial analysis and explain the types of financial analysis. State the objectives of financial analysis.

(2) Dhruvi stores deals in clothes. From the following transactions, prepare columnar sales book in the book of Dhruvi Stores. Dhruvi Stores deals in three types of clothes namely cotton, khadi and silk.

2018

May 1 Sold to Janki Stores 100 meters cotton cloth at ₹ 40 per meter, 200 meters khadi at ₹ 20 per meter and 50 meters silk at ₹ 200 per meter with 10 % trade discount, Bill no. 125. Credit period 3 months.

8 Sold to Gopi traders 200 meters cotton cloth at ₹ 60 per meter and 80 meters silk at ₹ 190 per meter at 10 % trade discount. Goods sold on 2 months credit. Bill no. 126 sent. Gopi traders paid half of the amount immediately in cash.

15 Sold to Nisarg Trading Co. 100 meters khadi and 50 meters silk at ₹ 40 and ₹ 200 respectively. Nisarg Trading Company paid amount immediately by cheque at 10% trade discount and 10% cash discount. Bill no. 127.

20 Preeti Stores place an order for the supply of 40 meters khadi, 60 meters cotton cloth and 100 meters silk cloth.

22 Supplied goods to Preeti Stores as per order under bill no. 128 at ₹ 30 per meter, ₹ 50 per meter and ₹ 220 per meter at 10% trade discount allowed.

26 Sold to Desai & Company cotton cloth of ₹ 15,000 at 10 % trade discount under bill no. 129.

30 Sold to DCM Stores Khadi goods of ₹ 20,000 at 5% trade discount. Sent bill no. 130 after adding 18% value added tax.

@geniusguruji

5. Answer ANY **SEVEN** questions from the following **12** questions : **14**

(1) Write any two Names of the accountancy reference books.

(2) Give an example of maxim 'Going from the whole to the part.'

(3) State any two limitations of Unit Lesson Plan.

(4) State the tools of evaluation.

(5) State any two characteristics of rating scale.

(6) State any two advantages of oral examination.

(7) State any two aspects of the role of a trainee teacher during an internship programme.

(8) State any two aspects of teacher's role during observation.

(9) State any two limitations of field work method.

(10) State the types of financial analysis on the basis of time.

(11) State any two features of bills of exchange.

(12) State any two advantages of subsidiary books.

@geniusguruji

Seat No. : 01691

# AH-107

**April-2024**

**B.Ed., Sem.-II**

**B-111 : Accountancy**

**Time : 2½ Hours]** **[Max. Marks : 70**

1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો : **14**

(1) પ્રોજેક્ટ પદ્ધતિની સંકલ્પના સ્પષ્ટ કરી, તેના સોપાનો વિશે વિગતવાર ચર્ચા કરો.

(2) અધ્યાપનના સૂત્રો એટલે શું ? અધ્યાપનના સૂત્રોનું મહત્વ સમજાવો.

**અથવા**

(1) એકમ આયોજન અને છૂટાપાઠ વચ્ચેનો તફાવત સમજાવો.

(2) પૃથક્કરણ પદ્ધતિનો અર્થ જણાવી, તેના લાભાલાભની ચર્ચા કરો.

2. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો : **14**

(1) માપન અને મૂલ્યાંકન વચ્ચેનો તફાવત સમજાવો.

(2) આદર્શ પ્રશ્નપત્રના લક્ષણો જણાવો.

**અથવા**

(1) પ્રાયોગિક પરીક્ષા અને લેખિત પરીક્ષાનો અર્થ સમજાવી, તેના લાભની ચર્ચા કરો.

(2) સારી પ્રશ્નાવલીના લક્ષણો જણાવી પ્રશ્નાવલીનું મહત્વ અને મર્યાદાઓ વિશે જણાવો.

3. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો : **14**

(1) પાઠ્યક્રમનો અર્થ જણાવી, પાઠ્યક્રમ અને અભ્યાસક્રમ વચ્ચેનો તફાવત સમજાવો.

(2) ઇંટર્નશીપની સંકલ્પના સ્પષ્ટ કરી, ઇંટર્નશીપનું મહત્વ સમજાવો.

**અથવા**

(1) ઉદાહરણ પ્રયુક્તિ અને પ્રશ્નોત્તરી પ્રયુક્તિનો અર્થ જણાવી તેના લાભાલાભ ચર્ચો અને પ્રયુક્તિના ઉપયોગ સમયે શિક્ષકની ભૂમિકા જણાવો.

(2) અભ્યાસક્રમનો અર્થ આપી, અભ્યાસક્રમ રચનાના સોપાનો સમજાવો.

@geniusguruji

4. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો : **14**

(1) વનિતા અને પ્રિયા 2:1 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીનાં ભાગીદારો છે. તા. 31-03-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

પાકું સરવૈયું

| મૂડી-દેવા | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં : | | | પાઘડી | | 18,000 |
| વનિતા | 80,000 | | જમીન-મકાન | | 72,000 |
| પ્રિયા | 60,000 | 1,40,000 | યંત્રો | | 40,000 |
| સામાન્ય અનામત | | 18,000 | સ્ટૉક | | 36,000 |
| કારીગર વળતર અનામત | | 4,500 | દેવાદારો | 24,000 | |
| રોકાણ અનામત | | 1,500 | – ઘાલખાધ અનામત | 2,000 | 22,000 |
| લેણદારો | | 28,000 | રોકાણો | | 8,000 |
| દેવીહૂંડી | | 12,000 | રોકડ-બેન્ક | | 2,000 |
| | | | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 6,000 |
| | | **2,04,000** | | | **2,04,000** |

તેઓએ તા. 1-4-2017થી રવિનાને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કરી :

(a) રવિના ₹ 1,00,000 મૂડી તરીકે અને ₹ 24,000 પાઘડી પેટે રોકડા લાવશે.

(b) જમીન-મકાનની કિંમત ₹ 17,000થી વધારવી.

(c) યંત્રોની કિંમત ₹ 32,000 સુધી ઘટાડવી.

(d) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવી.

(e) નહિ ચૂકવેલ વીજળી બિલ માટે ₹ 1,100 જોગવાઈ કરવી.

(f) ત્રણેય ભાગીદારોનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:1:2 રાખવું.

ઉપરની માહિતી પરથી પેઢીનું પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં, રોકડ-બેન્ક ખાતું અને પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

@geniusguruji

(2) કમલેશે ₹ 24,500 ની 2 માસની મુદતની હુંડી તા. 14-10-2022ના રોજ રાજન પર લખી, રાજને આ હુંડી સ્વીકારી પરત કરી. તા. 10-12-2022 ના રોજ કમલેશે આ હુંડી બેંકમાં વસૂલાત માટે મોકલી આપી. પાકતી તારીખે રાજને નાણાં ચૂકવી દીધા. બેન્ક કમિશન પેટે ₹ 245 કમલેશ ખાતે ઉધાર્યા છે. બંને પક્ષકારોના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**અથવા**

(1) નાણાંકીય વિશ્લેષણનો અર્થ જણાવી નાણાંકીય વિશ્લેષણના પ્રકાર સમજાવો. નાણાંકીય વિશ્લેષણના હેતુઓ જણાવો.

(2) નીચેના વ્યવહારો પરથી ધ્રુવી સ્ટોર્સ કે જે કાપડના વેપારી છે, તેમના ચોપડે ખાનાંવાળી વેચાણ નોંધ તૈયાર કરો. ધ્રુવી સ્ટોર્સ સુતરાઉ, ખાદી અને રેશમ એમ ત્રણ પ્રકારનાં કાપડની લે-વેચનો ધંધો કરે છે.

2018

મે 1 જાનકી સ્ટોર્સને 100 મીટર સુતરાઉ કાપડ, મીટર દીઠ ₹ 40 ના ભાવે, 200 મીટર ખાદી, મીટર દીઠ ₹ 20 ના ભાવે અને 50 મીટર રેશમ મીટરદીઠ ₹ 200 ભાવે 10 % વેપારીવટાવે વેચ્યું. શાખની મુદત 3 માસ, બિલ નં. 125.

8 ગોપી ટ્રેડર્સને 200 મીટર સુતરાઉ કાપડ, મીટર દીઠ ₹ 60 ના ભાવે અને 80 મીટર રેશમ મીટર દીઠ ₹ 190 ના ભાવે 10% વેપારીવટાવે બે માસની શાખ પર વેચ્યાં. તેમને બિલ નંબર 126 મોકલી આપ્યું. ગોપી ટ્રેડર્સે તરત જ અડધાં નાણાં રોકડેથી ચૂકવી આપ્યા.

15 નિસર્ગ ટ્રેડિંગ કંપનીને 100 મીટર ખાદી અને 50 મીટર રેશમ અનુક્રમે ₹ 40 અને ₹ 200ના ભાવે વેચ્યાં. નિસર્ગ ટ્રેડિંગ કંપનીએ 10% વેપારી વટાવ અને 10% રોકડવટાવે નાણાં ચેકથી તરત જ ચૂકવી દીધાં. બિલ નં. 127.

20 પ્રીતિ સ્ટોર્સે 40 મીટર ખાદી, 60 મીટર સુતરાઉ કાપડ અને 100 મીટર રેશમ કાપડ મોકલવાનો ઓર્ડર આપ્યો.

22 પ્રીતિ સ્ટોર્સને બિલ નં. 128 હેઠળ ઓર્ડર પ્રમાણેનો માલ અનુક્રમે ₹ 30 મીટર દીઠ, ₹ 50 મીટર દીઠ અને ₹ 220 મીટર દીઠ ભાવે 10% વેપારીવટાવે મોકલી આપ્યો.

26 દેસાઈ એન્ડ કંપનીને ₹ 15,000 નું સુતરાઉ કાપડ 10% વેપારીવટાવે વેચ્યું. બિલ નં. 129.

30 ડીસીએમ સ્ટોર્સને ₹ 20,000 ની ખાદી 5% વેપારીવટાવે, 18% વેટ ચઢાવીને બિલ નં. 130 મોકલી આપ્યું.

@geniusguruji

5. નીચે આપેલા કુલ 12 પ્રશ્નોમાંથી કોઈપણ 7 પ્રશ્નોના ઉત્તર આપો : **14**

(1) નામાનાં મૂળતત્વના સંદર્ભ પુસ્તકોના કોઈ બે નામ જણાવો.

(2) 'સમગ્ર પરથી અંશ તરફ જવું' – અધ્યાપન સૂત્રનું એક ઉદાહરણ આપો.

(3) એકમ આયોજનની કોઈ બે મર્યાદાઓ જણાવો.

(4) મૂલ્યાંકનના સાધનો જણાવો.

(5) ક્રમમાપદંડની કોઈપણ બે લાક્ષણિકતાઓ જણાવો.

(6) મૌખિક પરીક્ષાના કોઈપણ બે ફાયદા જણાવો.

(7) ઇંટર્નશિપ કાર્યક્રમ દરમિયાન તાલીમાર્થી શિક્ષકની ભૂમિકાના કોઈ પણ બે મુદ્દા જણાવો.

(8) અવલોકન દરમિયાન શિક્ષકની ભૂમિકાના કોઈ પણ બે મુદ્દા જણાવો.

(9) ક્ષેત્રીય કાર્ય પદ્ધતિની મર્યાદાના કોઈ પણ બે મુદ્દા જણાવો.

(10) સમયના આધારે નાણાંકીય વિશ્લેષણના પ્રકાર જણાવો.

(11) હુંડીના કોઈ પણ બે લક્ષણો જણાવો.

(12) પેટાનોંધના કોઈ પણ બે ફાયદા જણાવો.

---

@geniusguruji